સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

કરોડો-અબજોની બજેટમાં ખૂબી થાય છે!
પ્રજા મૂંઝેરી છાપ વાતોથી ઉભી જાય છે!
ખૂંપી ગયો છે દેશ દેવામાં તરફડે દુઃખે -
અચ્છે-દિન, કરજના કૂવામાં ડૂબી જાય છે!

હાઈકુ

ચૂએ છે વાટ,
નગરનું સ્ટેશન -
નવી ટ્રેનોની...

પરણાવશું!
બે શૂન્ય પચીસમાં -
ભાઈ મોટો થા!!

(એ જ જુનો કોંગ્રેસી ઘાટ)(લૂખાં બજેટ આશ્વાસન)

ચિંતન

કબીર હરિરસ બરસીયા, ગિરિ પર વત શિખરાય । નીર નિવાનું કાહરે, ના વહ છાપર ડાય ॥

કવિવર રવીન્દ્રનાથે પ્રાર્થના કરી છે કે, 'જીવન જખન સૂકાયે જાયે, કરૂણા ધારાય અસો,' ઈશ્વર કૃપા તો સદૈવ સર્વત્ર વરસતી જ રહે છે. કબીરજી કહે છે કે, હરિરસરુપી વર્ષા પર્વતો, ડુંગરો, શિખરો પર થયા જ કરે છે. પાણી આ ઊંચી જગ્યાએ રોકાતું નથી પણ વહીને નીચેના ભાગમાં ઠરીઠામ થાય છે.

સરોવરનો આકાર ધારણ કરે કે ખળખળ કરતી નદીમાં વહી સમુદ્રમાં ભળે છે. માનવી ધન, સ્થાન કે જન્મથી ગર્વ કરી અહંકારની ચોટી પર બિરાજે છે તે પ્રભુની નજીક જઈ શકતો નથી.

આપણે તો શબ્દપ્રયોગ કરીએ જ છીએ કે 'નમે તે સૌને ગમે.' નમ્રતાના માધ્યમથી જ વ્યક્તિ અન્યને પ્રિય થાય છે. નમ્રતાથી જ નફરતનો પરાજય થાય છે.

રાવણ પાસે જ્ઞાન હતું, શક્તિ હતી, ધન હતું, અનુયાયીઓ હતા, દૃઢ મનોબળ હતું પણ અહંકાર તેની વિવેકબુદ્ધિ હણી લીધી. પોતાનો, પરિવારનો અને લંકાનો વિનાશ થવામાં તેનો અહંકાર કારણભૂત બન્યો.

જ્ઞાન અને ભક્તિ માટે વ્યક્તિએ રજકણથી પણ અલ્પ બનતાં શીખવું પડે.

સુવિચાર

- માણસની ઈચ્છા અને અનિચ્છા વચ્ચેનો સંઘર્ષ એ જ 'મનનો રોગ' છે - **રમણ મહર્ષિ**
- ઔર કતિતા ઈમ્તિહાન લેગા વક્ત તું...
  ઝિંદગી મેરી હૈ તો ફિર મરજી તેરી ક્યું - **અકબર જલાલપુરી**
- ધર્મ કોને કહેવાય? ધર્મ એટલે સાક્ષાત્કાર... ચિંતા કોને કહેવાય?
  સારા નરસા વિચારોનો માનસિક અનિશ્ચય એટલે ચિંતા - **વત્સલ વસાણી**
- જેમની કોઈ પૂર્વધારણા નથી... મહામાર્ગ તેમના માટે મુશ્કેલ નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસ જ્યાં સુધી અતિરેકમાં અટવાશે ત્યાં સુધી 'અખિલાઈ' થી અજાણ રહેશે - **જણકલ્યાણ**
- દ્રાક્ષમાંથી જે શરાબ બનાવે તે કવિ... અને રૂદ્રાક્ષ બનાવે તે ઋષિ - **સુરેશ દલાલ**
- **આજનું ઔષધ:** લીમડાના પાન બાફીને સાધારણ ગરમ હોય ત્યારે સોજા ઉપર બાંધવાથી સોજો - મૂઢ મારમાં રાહત થાય છે (સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

જપ-તપ-ભક્તિ-પૂજા પાઠમાં આપણે ઘણીવાર આપણા કર્તવ્ય-ફરજો પણ ભૂલી જઈએ છીએ અને કુટુંબીજનો કે સમાજને પણ અન્યાય કરી નાખીએ છીએ. ઈશ્વરનું સ્મરણ કરવું એ બરાબર છે પણ પોતાનાં કર્તવ્ય-ફરજને જ ભક્તિ સમજી, ઈશ્વરનું સ્વરુપ સમજી લોકસેવા કરવી જોઈએ.

એક સંત આયુર્વેદના જાણકાર હતા. આશ્રમમાં જ દવાખાનું ચલાવતા એન ગ્રામજનોની મફત સારવાર કરતા. તેમના શિષ્યો-વનમાંથી વનસ્પતિ લાવતા અને આશ્રમમાં જ દવા બનતી. સંત સવારે દરરોજ પૂજા-પાઠ અને 'ધ્યાન'માં બેસતા. આ બધો નિત્યક્રમ બે કલાક ચાલતો હતો.

એક સવારે બે-ત્રણ ગ્રામજનો આવ્યા. અને એક વૃદ્ધ જે આખી રાત દમ-શ્વાસથી પિડાયો હતો. તેને સારવાર-દવા આપવા સંતને બોલાવવા આવ્યા હતા. શિષ્યોએ કહ્યું, સંત, ધ્યાનમાં છે બે કલાક પછી આવજો. રકઝક થઈ. સંત ખલેલ થતાં બહાર આવ્યા અને વિગત સાંભળી તરત ગ્રામજનો સાથે ગયા.

વૃદ્ધની સારવાર કરી - એને આરામ થઈ ગયો. આશ્રમમાં જઈ શિષ્યોને કહ્યું, પ્રાણીમાત્રમાં ઈશ્વર છે એની સેવા એ જ ઉપાસના - ભક્તિ છે.

સંસદ અને ધારાસભામાં મહિલાઓની જીભાજોડી

તંત્રીસ્થાનેથી...

મહિલા શક્તિ એટલે દુર્ગાશક્તિ. ખુદ દેવાધિદેવ મહાદેવને પણ ચંડી ચામુંડાનો ગુસ્સો શાંત કરવા એમનાં ચરણે ચંપાવું પડ્યું છે. ભારતમાં સ્ત્રીને સાક્ષાત્ શક્તિ સ્વરુપા ગણી પૂજવાની પ્રથા છે. દક્ષ પ્રજાપતિએ એમના યજ્ઞ પ્રસંગે શિવજીને અપમાનિત કર્યા ત્યારે એથી લાગી આવતાં સતીએ યજ્ઞ કુંડમાં જ કૂદી પડી આત્મવિલોપન કર્યું. એથી ક્રોધિત થયેલા શિવજીએ તાંડવ નૃત્ય કરી બ્રહ્માંડમાં હાહાકાર મચાવી દીધો. સમય પારખી વિષ્ણુ ભગવાને સુદર્શન ચક્ર વડે શિવજીના હાથમાં રહેલ સતીના શબના એકાવન ટુકડા કર્યા જે જયાં વેરાયા ત્યાં શક્તિપીઠો સરજાઈ ગઈ. ભારતીય સંસદ અને ગુજરાતની વિધાનસભા આવી આધુનિક યુગની શક્તિપીઠો છે. ઈંદિરા ગાંધીએ પાકિસ્તાનની એક પાંખ તોડી પાડીને બાંગ્લાદેશ નામે નવા દેશનું સર્જન કર્યું ત્યારે તત્કાલિન વિપક્ષના અગ્રણી અટલ બિહારી વાજપેયીએ એમને 'દુર્ગા' કહી બિરદાવેલા. આ દુર્ગાએ શુભ નિશુંભ અને મહિષાસુર જેવા રાક્ષસોનો વધ કરી મહિલાશક્તિનો પરચો બતાવ્યો હોવાની કથા જાણીતી છે. આવી જ દંતકથા પાવાગઢમાં મહાકાળી અને ચાંપાનેરના પતઈ રાજા વિશેની પણ લોકજીભે ગવાતી રહી છે. દુર્ગા તો માતૃ સ્વરુપા મહાદેવી છે. પરંતુ મૈસુર પાસે ચામુંડી હિલ્સ પર જે મહિષાસુરનું મંદિર છે, તેને વર્ગ વિશેષના લોકદેવતા ગણાવી દુર્ગાની બદનામી દર્શાવતી મનઘડંત દંતકથાનું સંસદમાં વાંચન કરી માનવ સંશાધન મંત્રી સ્મૃતિ ઈરાની વિવાદમાં ફસાઈ ગયાં છે. કોંગ્રેસના નેતા આનંદ શર્માથી લઈ અન્ય વિપક્ષી નેતાઓએ આ મુદ્દે ઊહાપોહ મચાવ્યો તેને ભાગ્યે જ કોઈ ગેરવાજબી કહી શકાશે. જો વિપક્ષના નેતા તરીકે ભાજપના બે વરિષ્ઠતમ નેતાઓ કે વર્તમાન વડાપ્રધાન પૈકી કોઈ બેઠેલા હોત તો એમણે દુર્ગા માતાના અપમાન બદલ સંસદને જ નહીં, દેશ આખાને બાનમાં લઈ લીધો હોત એમાં શંકાને સ્થાન નથી. સ્મૃતિ ઈરાની ભલે કહેતાં હોય કે હું પણ દુર્ગા માતાની પૂજા કરું છું, પરંતુ સંસદમાં એમણે 'મહિષાસુર' મુદ્દે જે કાચું કાપ્યું એથી ભાજપ ભોંઠપમાં મુકાઈ ગયેલ છે. મહિષાસુરને દલિતોનો પૂર્વજ ગણાવી બાબાસાહેબ આંબેડકરે એમના સમયમાં જે કંઈ કહ્યું હોય તે, પરંતુ 'દુર્ગા'ની બદનક્ષી કરીને સ્મૃતિ ઈરાનીએ તો પોતાના જ પગ ઉપર કુહાડો માર્યો છે. એટલું ઓછું હોય એમ હૈદ્રાબાદના બહુચર્ચિત રોહિત વેમુલા પ્રકરણમાં પણ એમણે સંસદને ગેરમાર્ગે દોરીને મોટી ભૂલ કરી છે, જેનો જવાબ આપવો ભારે પડે એમ છે. માયાવતી દેશના દલિતોના અધિકૃત નેતા છે. એમને વહાલા થવા જતાં સ્મૃતિ ઈરાની વધુ અળખામણાં બની ગયાં છે. દલિતો સંદર્ભે માયાવતીના પેંગડામાં પગ ઘાલવાની સ્મૃતિ ઈરાનીની કોઈ હેસિયત નથી. પરંતુ અભિનય ક્ષેત્રે અજવાળા પાથરનાર કેન્દ્રમાં માનવસંશાધન મંત્રીએ ભાવુક થઈ જઈ માયાવતીને પોતાના ખુલાસાથી સંતોષ ન થયો હોય તો એમનાં ચરણોમાં માથું ઉતારી આપવાની ઑફર કરીને તો નવો જ જ ઈતિહાસ સર્જ્યો છે. માયાવતીએ સ્મૃતિ ઈરાનીએ રોહિત વેમુલા મુદ્દે જુઠાણું ચલાવ્યું તે બદલ સામે ચાલીને નિવેદન કર્યું તે તેઓ મંત્રીશ્રીના ખુલાસાથી લેશમાત્ર સંતુષ્ટ નથી. હવે એમણે માથું ઉતારીને મારા ચરણે ધરવાનું વચન પાળવું જોઈએ! આમ, બેઉ રાજકારણી મહિલાઓએ સંસદમાં અને બહાર જીભાજોડી કરીને સાંસદ પદની ગરિમાને ભારે હાનિ પહોંચાડી છે. એવી જ ઘટના ગુજરાત વિધાનસભામાં તેજશ્રી પટેલ અને વસુબેન ત્રિવેદી વચ્ચે બનેલી છે. શું મહિલા શક્તિ આ રીતે એકમેકની બાદબાકી કરવામાં જ ઈતિશ્રી સમજતી હશે? કદાચ આ સવાલનો જવાબ મહિલાઓ જ આપી શકે!

પર્યાવરણ સક્રિયતાવાદ - Environment Activism

'હું જંગલો માટે જીવું છું, કોઈ પણ ભોગે હું તેનું રક્ષણ કરીશ, આ કારણે મારા શિરે બંદૂક મુકાયેલી હોય તેવો ભય મને સતત રહે છે. કારણ કે હું વૃક્ષો કાપનારાઓ અને કોલસાની ખાણોવાળાનો વિરોધ કરું છું. આજે હું તમારી સાથે અહિંયા વાત કરી રહ્યો છું પણ આવતાં એકાદ મહિનામાં હું તમારી વચ્ચે નહીં હોઉં.'

આ શબ્દો હતા, એમેઝોન સ્ટેટ ઑફ બ્રાઝિલના રહેવાસી જૉસ કલાઉડીઓ રીબેરો દ સીલ્વાના.

છ માસ બાદ તેમની અને તેમના પત્ની મારીયાની કોઈ અજ્ઞાત બુકાનીધારીએ ગોળીઓ મારીને હત્યા કરી દીધી.

'તેઓ મારા પીછો કરે છે, મને મારી નાંખવાની ધમકીઓ આપે છે, અપરહણ કરવા કહે છે, મારા પરિવારને ધમકીઓ મળે છે, અમે આ બધું સહન કરીએ છીએ.'

આ શબ્દો છે... વર્ષ ૨૦૧૫માં હુન્ડારાશ દેશની મહિલા પર્યાવરણ સક્રિયતાવાદી બર્ટા કે સર્વ્સ કે જેને 'ગોલ્ડમેન એન્વાયરોનમેન્ટ' નો એવોર્ડ અપાયો છે. વર્ષ ૨૦૧૩માં તેમની સાથેની ત્રણ મહિલા સહયોગોની હત્યા કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૦૨થી ૨૦૧૩ દરમિયાન વિશ્વના ૩૫ દેશોમાં ૯૦૮ જેટલા પર્યાવરણ રક્ષણ કાર્ય સાથે જોડાયેલા કાર્યકરોની હત્યાઓ થઈ છે અને તે પૈકી ફક્ત ૧૦ હત્યાઓ માટેના ગુનેકારોને સજા કરી શકાઈ છે. ૮૯૮ કિસ્સાઓમાં કોઈ જ કાર્યવાહી થઈ શકી નથી. એક અંદાજ પ્રમાણે દર અઠવાડિયે બે પર્યાવરણ સક્રિયતાવાદીની હત્યા થાય છે.

'ગ્લોબલ વિટનેશ' સંસ્થાના અહેવાલ પ્રમાણે હર્ષ ૨૦૦૨ થી ૨૦૧૩ના આ સમયગાળા દરમિયાન એકલા બ્રાઝિલ દેશમાં ૪૪૮ પર્યાવરણ રક્ષકોની હત્યા કરવામાં આવેલ છે. જે વિશ્વકક્ષાના કુલ આંકડાના અડધો-અડધ થાય છે. વન વિનાશ અટકાવવા માટે લડત આપનારા ૧૫૦૦ લોકો છેલ્લા ૨૫ વર્ષમાં માર્યા યયાનું સ્થાનિક સંસ્થા 'વૉચડોગ સી.પીટી'નું કહેવું છે. હન્ડુરાશ નામનો દેશ પણ આવી ઘટનાઓ માટે વધુમાં વધુ ખતરનાક મનાય છે. આ દેશમાં વર્ષ ૨૦૧૦થી ૨૦૧૪ દરમિયાન ૧૦૧ લોકોને મારી નાંખવામાં આવ્યા છે.

ખેતીની જમીન, ડેમ, ખાણ અને અન્ય ઉદ્યોગો માટે મોટા પ્રમાણમાં જંગલની જમીનો સાફ કરવામાં આવી રહી છે. વિશ્વના કુદરતી સ્રોતો પર ભયંકર દબાણ ઊભું થવા પામ્યું છે. નિઃશુલ્ક કિંમતે આવા સ્રોતોનું શોષણ કરીને અઢળક સંપત્તિ ભેગી કરવાનો ટૂંકો અને સરળ માર્ગ અપનાવવામાં આવી રહ્યો છે. આવા વન વિસ્તારોમાં રહેતાં સ્થાનિક વનવાસીઓ કે વિચરતી જાતિઓના હક્કો, વસવાટ, કુદરતી સંપત્તિ ઝુંટવી લેવામાં આવી રહ્યા છે. ક્રૂરતાપૂર્વક તેનો વિરોધ કરનારા લોકોને કચળી નાંખવામાં આવે છે. દુર્ગમ આંતરિક વિસ્તારોમાં થતાં અત્યાચારો પુરેપુરા લોકો સુધી પહોંચતાં નથી કે જાહેર થતાં નથી.

નાઈઝીરીયા, કોન્ગો રિપબ્લિક, મધ્ય આફ્રિકન રિપબ્લિક અને ઝિમ્બાવ્વે જેવા આફ્રિકન દેશોમાં આ પ્રકારની ઘટનાઓ મોટા પ્રમાણમાં બની રહી છે. મ્યાનમાર, મધ્ય એશિયાના દેશો અને ચીનમાં પણ આજ રીતે પ્રાકૃતિક સંપદાનો વિનાશ કે શોષણ થઈ રહ્યું છે.

આજે કુદજરતી સ્રોતોના આ પ્રકારના બેફામ શોષણના પરિણામે માનવ અસ્તિત્વ જોખમમાં મુકાઈ ગયું છે. ગણ્યાં-ગાંઠ્યા લોકોના વિકાસ અને ભૌતિકદાવાદી પગલાંઓની કિંમત સમગ્ર વિશ્વએ ચુકવવી પડી રહી છે.

વિશ્વકક્ષાએ પર્યાવરણ સક્રિયતાવાદ હેઠળ, વ્યક્તિગત, સમુહો કે સંસ્થાઓ જે કાર્ય કરી રહી છે તે પ્રત્યેક વ્યક્તિની જાણમાં હોવું જરુરી છે. કારણે પર્યાવરણ રક્ષણ ફક્ત તેઓ પુરતો સંવેદનશીલ પ્રશ્ન કે વિષય નથી પણ સમગ્ર માનવજાતના અસ્તિત્વનો પ્રશ્ન છે અને તે માટે જાનની આહુતિ આપનારાઓ લોકો ઓળખે તે પણ તેટલું જ જરુરી છે.

મારો "કક્કો" જ ખરો....!!!

મામલો ગરમાય રહ્યો છે... વાતનું વતેસર થતું જાય છે...જાણે કે બધા પોતપોતાના કક્કા ને બારાખડી ખરી કરાવવા નીકળી પડ્યા હોય એવો માહોલ છે...કોઈ કોઈનું નથી રે ની જેમ જાણે કોઈને કોઈનું સાંભળવામાં રસ જ નથી... પોતપોતાની પીપુડી વગાડવામાં અને પુરા જોરથી વગાડવામાં સર્વ સુજ્ઞજનો/ નાગરિકો મચી પડ્યા છે.... વાત પક્ષ/જાતી/રાજકારણ/સમાજને ધર્મના ખાનાઓમાં વેચાતી, કુટાતી, તોડાતી, મરોડાતી, ફંગોળાતી, ચીરાતી...નાં જાણે કેટકેટલી અવસ્થાઓમાંથી પસાર થતી ક્યા ને ક્યા પહોચતી જાય છે કે પહોચી જશે એની તો વાત શરુ કરનારને ખુદને પણ ખબર નાં રહે એવો માહોલ ગરમાય રહ્યો છે...આ માહોલ વારે વારે ગરમાવાનું કારણ મારા તમારા જેવા આમ આદમીને તો કોઈ પણ રીતે સમજાતું નથી...ને સમજાવાનું પણ નથી!! ને સમજાય પણ ક્યાંથી? કોઈ માનસિકતાની વાતો કરે છે ને કોઈ જાતિવાદની... કોઈ દેશપ્રેમની વાત્યું કરે છે ને કોઈ દેશદ્રોહની...!! સાદીને સીધી વાતું હોય તો બાપલા હજુયે તમને ને મને પાલે પણ પડે...પણ હજુ તો થોડુંઘણું હમજાય કે હમ્જવાની કોશિશ કરીએ ત્યાં તો વાત નહિ ને વાતનું મૂળ નહિ એમ કરતાંક ને આખીને આખી વાત ક્યાંક બીજે જ ફંટાઈ જાય..અબી બોલા અબી ફક્ક ને ખાયા પિયા કુછ નહિ ગિલાસ તોડા બારહ આના..!! ને આપણે બચ્ચારા પાછા અવઢવના ત્રિભેટે ઉભા ઉભા વિચારીએ કે ઓમની પા જઈએ કે પેલી પા....!?

"...અસલમાં તો જે મારી સાથે નથી એ જરૂરી જ નથી કે દશ્મન પક્ષમાં જ હોય...પણ અત્યારના માહોલમાં તો એવું જ !!! આઝાદી અમુલ્ય છે...અતુલ્ય છે અને જરૂરી છે તો એ લોકોને જ ખબર હોય કે જે ખુદ બંદીવાન કે ગુલામ હોય પણ એના બિલકુલ સામેના છેડે એ પણ નગ્ન સત્ય છે કે આઝાદીની હવા ફેફસામાં ભરીને જીવતી વખતે એ ના ભુલાવું જોઈએ કે ધર્મ/જાતી/પક્ષ કે વિચારધારા કરતા પણ હમેશા જો દેશ મહાન ગણી શકતા હોવ તો જ અને તો જ આઝાદીની સાચી કીમત અને મજા સમજાય. આઝાદી... બોલવાની, વર્તવાની, જીવવાની, કમાવાની!!! કેટલી બધી આઝાદી છે હિન્દુસ્તાન અને હિન્દુસ્તાનીઓને. પણ અફસોસ કે એ આઝાદીના ઘોડા પર વિચારધારાનો અસવાર સવાર થઈ જાય પછી આઝ્ઝાદીના આ તેજીલા તોખારની પોતાની કોઈ દિશા નથી રહેતી એ તો અસવાર લઈ જાય એ બાજુ જ મને કે કમને દોડતો થઈ જાય છે. થોડા મહિનાઓ પહેલા આ જ જગ્યાએ ચાલી હેબ્દો પર થયેલા હુમલા વખતે કે ઈવન સંજય લીલા ભણશાલીની ફિલ્મ 'રામલીલા' વખતે કે પછી એનાથી પણ તાજજુ 'પીકે' વખતે કે પછી વારેવારે ફિસલતી રાજકારણીઓની જીભ વિષે લખતી વખતે નોંધેલું કે ફ્રીડમ ઓફ સ્પીચ, એક્સપ્રેશન, રાઈટીંગ કે બીહેવિંગનો અર્થ બિલકુલ એવો ના થવો જોઈએ કે જેનાથી વ્યક્તિ, સંસ્થા કે મોસ્ટ ઈમ્પોર્ટન્ટલી દેશને નુકશાન પહોચે. સી, દેશદાઝ, દેશપ્રેમ, દેશદ્રોહ કે રાષ્ટ્રવાદ આ ઉચેરા શબ્દો અને એનો ભાવાર્થ તો પછી આવે..પણ એના પહેલા આવે ફ્રીડમ ઓફ સો એન્ડ સો નો અક્કલ વાપરીને કરવો પડતો ઉપયોગ!! જો આ ઉપયોમાં જ અક્કલ ઘાસ ચરવા જતી રહે તો પછી આ દેશપ્રેમ કે દેશદ્રોહ કે રાષ્ટ્રવાદ જેવા શબ્દો તો ફક્ત કિતાબી જ રહી જવાના....!!! દુર્ભાગ્યે મામલો અત્યારે આવા મુદ્દાઓ પર જ ગરમાઈ રહ્યો છે...!! "આઝાદીના સમ્પૂર્ણ પેકેજ અંતર્ગત મળેલી આ ફ્રીડમ ઓફ સો સો નો ઉપયોગ કરીને વિશ્વ વિદ્યાલયના પ્રાંગણમાં દેશવિરોધી નારાઓ લગાવાય....ઓફિસીયલી અને બાય લો જેને આતંકવાદી ઘોષિત કરીને એને સજા કરાય હોઈ એના માટે સહાનુભુતિ દેખાડાઈ અને એ પણ ખુલ્લેઆમ એવા ફ્રીડમ ઓફ સો સો ના માહોલમાં પણ વાત દેશદ્રોહી છો કે દેશપ્રેમી એ પુરવાર કરવા સુધી પહોચી જાય એ આખુયે બખડજંતર આપણે આઝાદીનું મહત્વ કેટલું સમજ્યા છીએ એના કરતા પણ રાષ્ટ્ર અને રાષ્ટ્રવાદ અથવા તો સાદી ભાષામાં દેશપ્રેમ એટલે શુ એનું આપણને કેટલું જ્ઞાન છે એ વાતની ચાડી ખાય છે. સવાલ કોઈ એક વ્યક્તિ કે પક્ષ કે નેતાનો નથી જ ને નથી જ પણ મૂળ અને મહત્વની વાત એ છે કે આગળ લખ્યું એમ કક્કો ખરો કરાવાની હોડ એવી જબરી જામી છે કે મૂળ વાત ભુલાઈ જાય છે અને મહત્વના અનેક કામોને કોરાણે મુકીને આખાયે મામલાને ખેંચી જવાય સંસદમાં. આ એ જ સંસદ છે જેના પવિત્ર પ્રાંગણ પર લોહીયાળ હુમલો કરવાની સજા અફઝલને મળેલી ને પછી એ જ અફઝલનો માતમ હજુયે મનાવાય ને આમ નાગરિકોના હજારો રૂપિયાના ખર્ચે મળેલા સંસદસત્રમાં શાસક અને વિરોધપક્ષો મૂળ મુદ્દો " દેશ " ભૂલીને નાત-જાત-ધર્મનો કક્કો ખરો કરાવવા ગળું ફાડી ફાડીને ચિલ્લાતા જોવાય - ને આ બધું જ ફ્રીડમ ઓફ કે આઝાદીના નામે....!!

આપણે ત્યાં દર વખતે બને છે એમ અને ખાસ કરીને છેલ્લા દોઢેક વર્ષથી વધુ બની રહ્યું છે એમ આવા વખતે આખી એક 'બુદ્ધિજીવી' નામની જમાત આખાયે મામલાને હસ્તગત કરવાના ઉધામા શરુ કરી દે છે. બસ, કોઈ પણ બનાવ બને કે વિવાદ થાય ત્યારે ના આવ દેખા ના તાવ અને શરુ થઈ જાય ભાગલા પાડવાના ખેલ ની. જેએનયુ મામલામાં બન્યું એમ કોણ દેશદ્રોહી છે અને કોણ દેશપ્રેમી એનો ગાઈ વગાડીને ઢોલ પીટવામાં હરેક પાર્ટી, સંગઠન કે આખાયે મામલામાં સામેલ વ્યક્તિઓ સહીત બધા વિવેકબુદ્ધિ કોરાણે મુકીને એ ભૂલી ગયા કે દેશ વિરુધ્ધ બંડ પોકારવું એ ટાઈપ ઓફ દેશદ્રોહ નથી તો બીજું શુ? યસ એ વાત સાથે સમત છીએ કે સરકારનો વિરોધ કરવો કે પછી સરકારી નિર્ણયોનો વિરોધ કરવાનો બધાને સમાન હક્ક છે પણ કાનૂની પ્રૂફ થયેલી અને ખાસ તો જેના પર સમયની ધૂળ ચડી ગઈ છે એવી ઘટનાને ઉખેળીને ઉગ્ર થવું કે ઉગ્ર પરિસ્થિતિનું નિર્માણ થાય એવું કાર્ય કરવું એ રાષ્ટ્ર વિરુદ્ધનું કદમ તો કહેવાય જ અને વિરુદ્ધનું નહિ તો રાષ્ટ્રને સંગત તો નહી જ ને!! ચાલો એકવાર એ વાત પણ માની લઈએ કે શૈક્ષણિક સંસ્થાઓમાં રાજકીય ગતિવિધિઓ ચાલતી જ હોય છે અને રાજકીય વિચારધારાઓ ધરાવતા વિદ્યાથી સંગઠનો કે ઈવન શિક્ષકોના ગ્રુપો વચ્ચે રાજકીય અને વૈચારિક ટકરાવ પણ. કિન્તુ પરંતુ લેકિન એ વાતથી કેવી રીતે સમત થઈ શકો કે જેએનયુ કેમ્પસમાં જે કઈ પણ થયું એ યોગ્ય હતું? માઈન્ડ ઈટ કેમ્પસમાં જે કાઈ પણ થયું એમાં ખાલી કન્હૈયા કે ઉમર નહિ પણ અત્યાર સુધી સરકારે, સરકારના મંત્રીઓએ, કે કોર્ટોમાં વકીલોએ અને ઘડી ઘડી રંગ બદલતી ટીવી ચેનલોએ ભજવેલા રોલ પણ આવી જાય જ છે.. આ બધા પણ અલ્ટીમેટલી તો મૂળ વાત ભૂલીને પોતાના કકકા ખરા કરાવતા જ હતા...ઈનફેક્ટ હજુયે ખરા કરાવે જ છે !!

આ કક્કો ખરો કરાવવાની લ્હાય હરિયાણામાં પણ લાગેલી છે. આવું તે કેવું આંદોલન? આવું તો કેવું માંગવું? કે જેમાં નિર્દોષ - સામાન્ય લોકોનું હજારો કરોડનું નુકશાન થઈ જાય. શોકિંગ ન્યુઝ તો હમણાં જ આવ્યા કે ઈવન જાટોના આ આંદોલન દરમ્યાન યુવતીઓ પર સામુહિક બળાત્કારો પણ થયા. દંગ થઈ જવાય એવું ને સુન્ન થઈ જવાય એવું છે ને બધું? મુખ્ય વાત તો ત્યાં પણ પોતાની વાત રજુ કરવાની જ છે. હા, હરિયાણામાં આ આખુયે આંદોલન આ અગાઉ પણ હિંસક થઈ ચુક્યું

અનુસંધાન પાના નં. ૭ પર

અઘરાં અને ગંભીર સાહિત્યની થોડી હળવી વાતો

હમણા જ ક્યાંક વાંચવા મળ્યું કે વિશ્વમાં સૌથી વધુ બોલાતી માતૃભાષાઓમાં ગુજરાતીનો ૨૪મો ક્રમ છે. પણ ગુજરાતીમાં રચાતા સાહિત્યનો વૈશ્વિક સાહિત્યના સંદર્ભે ક્રમ હજી સુધી નક્કી થયો નથી આપણી માતૃભાષા જેટલી સરળ અને મીઠ્ઠી ભાષા દુનિયામાં બીજી કોઈ નથી. આપણી ભાષાની બીજી એક ખાસિયત એ છે કે આપણે જે ભાષામાં બોલીએ છીએ, ઝગડીયે છીએ. કોઈને ગાળો આપીએ છીએ, જે ભાષાથી આપણે શાકભાજી વેંચીએ છીએ.- જે ભાષામાં આપણે વેપાર કરીએ છીએ, અને એ જ ભાષામાં સાહિત્યનું શ્રેષ્ઠ સર્જન કરવાનું ! આવી અદભુત ભાષા હોવા છતાંય જાણે કે આજકાલ ગુજરાતી સાહિત્યમાં ખુબ જ અઘરું, ગંભીર અને સંદિગ્ધ લખવાની જાણે કે ફેશન બની ગઈ છે.

આમ જોઈએ તો આનો શ્રેય પંડિત યુગના વિદ્વાન અને "સરસ્વતીચન્દ્ર" મહાનવલના સર્જક શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીને આપવો જોઈએ. આ ગાળામાં સંસ્કૃતપ્રચૂર ભાષામાં ખુબ લખાયું. અને એવા લખાણની ઠેકડી ઊડાડવા "ભદ્રંભદ્ર" પણ આવ્યા. પછી ગાંધીજી અને કનૈયાલાલ મુનશીએ ગુજરાતી ભાષા ઘેર ઘેર વંચાતી થાય એવું સરળ સાહિત્ય આપ્યું. પરંતુ ફરી એક વાર સુરેશ જોશી, મધુરાય અને ચન્દ્રકાંત બક્ષી જેવા સર્જકોથી ગુજરાતી ભાષા પોતાની કરવટ બદલે છે. અને શરુ થાય છે એબ્સર્ડ યુગ. લાભશંકર ઠાકર, આદિલ મંસૂરી, શ્રી કાંત શાહ, સિતાંશુ યશશ્ચન્દ્ર અને ચિનુ મોદીએ એબ્સર્ડ નાટકો અને કવિતાઓ ખુબ લખીને અનેક વિદ્વાનોને આંજી નાખ્યા. વળી ના સમજાતું હોવાથી અનેક વિદ્વાનોએ આવા પુસ્તકોને પુરસ્કૃત પણ કર્યાના ઉદાહરણો આપણી પાસે છે.

આવું અઘરું અને ગંભીર સાહિત્ય લખવાની કળા માત્ર સર્જનમાં જ નથી વિવેચનમાં ય છે. સંશોધનમાં ય છે. ઘણી વખત તો આવું વિવેચન - સંશોધન વાચતા એમ થાય કે કોઈ રચનાના આંતરિક શિલ્પને સૉયથી ટાંકા લઈ રહ્યા છીએ. અને સંશોધનને બદલે એમાં ભાષાનું શિરોચ્છેદન થતું હોય એવું લાગે છે. અત્યારની સ્થિતિ જોતા શ્રી રતિલાલ બોરીસાગરે "ભદ્રંભદ્ર અમર છે" જેવી કૃતિ પણ રચી છે તો પણ અઘરાં સર્જકો અઘરાં જ રહ્યા છે અને ગંભીર - ગંભીર. જો કે મારો આ લેખ વધુ ગંભીર અને અઘરો બને એ પહેલા ચોખવટ કરી લઉ કે હું ગંભીર સાહિત્યની હળવી વાતો કરીને આપ સૌને મૂછમાં હસાવવા તત્પર થયો છું કારણ કે ગંભીર સાહિત્ય આજકાલ કોઈ વાંચતું નથી. ભૂલથીયે કોઈ વાંચે છે તો સમજતું નથી. મારા એક વડિલ મિત્ર નવા નવા લેખક બનેલા. પણ ઉંમર, અનુભવ અને સ્વભાવને કારણે એટલું બધુ ગંભીર લખે છે કે એમના ગુજરાતી લખાણનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરવો ય અઘરો પડે એવું એમનું ભદ્રંભદ્રીય લખાણ. આ મિત્રનું લખાણ વાંચી એક દિવસ અમારા બન્નેના કોમન મિત્ર એવા એક કવિનો મારી પર રાત્રે ફોન આવેલો કે "કનૈયાલાલ, આ તમારા મિત્ર શું લખે છે એ કાંઈ સમજાતું નથી. હું અહી મારા ઘરમાં વાંચીને બેભાન થઈ ગયો હતો. એકાદ કલાકે માંડમાંડ હોશમાં આવ્યો છું. એમને લખતા અટકાવો યાર. "બીજા પણ ઘણા મિત્રોએ આવા ફોન મને કરેલા. જો કે એમના લખાણનો ગુજરાતી ભાષાને તો લાભ જ થવાનો છે કેમ કે એમનું અતિ ગંભીરાંભીર લખાણ વાંચીને મારા સહિત ઘણા સર્જકોને પ્રેરણા મળશે કે બહું અતિ ગંભીર ન લખવું. હું તો ત્યા સુધી કહું છું કે જો એ લેખક મહાશય પંડિતયુગમાં જન્મ્યા હોત તો પંડિત યુગના વિદ્વાનો પણ એમનું લખાણ ના સમજી શક્યા હોત. મારા આ પરમ સ્નેહી લેખકમિત્રની બીજી એક ખુબી એ છે કે એમના લખાણના મોટાભાગના શબ્દો આપણને "સાર્થ જોડણીકોશ"માં ક્યાંય જોવા ના મળે. અને કદાચ "ભગવત ગોમંડળ"માં પણ નહી. કેમ કે એ જ્યારે લખવા બેસે ત્યારે સંસ્કૃતના મોટા મોટા ગ્રંથો, હિન્દી-ઉર્દુ, અંગ્રેજીના શબ્દકોશો અને અધ્યાત્મના ગ્રંથો લઈને બેસે. પછી દરેક ગ્રંથોના એક પછી એક પાના ઉથલાવતા જાય અને એમાંથી કોઈ અઘરો શબ્દ નજરે ચડે તો એ ઉપાડી લે.. આવી રીતે અનેક શબ્દો ચોરી, તોડી ફોડી - મરોડી એક બીજાની આગળ પાછળ જોડીને એવા નવા સ્વરૂપે એનું અવતરણ કરે. અને પછી આપણને ખબર જ ના પડે કે આ શબ્દ સ્ત્રી લિંગ છે, પૂંલિંગ છે કે નંપુસક લિંગ. અને એના અર્થ તો દુનિયાના પ્રથમ શબ્દકોશ "નિઘંટુ" થી લઈને મેં બનાવેલા "ગુજરાતી-હિંદી શબ્દકોશ" કે "ભારતીય ભાષાકોશ" માં ય ના મળે. મિત્ર હોવાને નાતે મેં એક બે વખત કહેલું કે "મિત્ર, તમે આટલું બધું અઘરું શા માટે લખો છો ? થોડું સરળ લખો તો બધા સમજી શકે" તો મિત્રએ મને "હેં હેં હેં... હસતા હસતા કહેલું કે કનૈયાલાલ, સહેલું તો સૌ કોઈ લખી શકે, આવું અઘરું લખો તો ખબર પડે? અઘરું લખવું એ ય એક કલા છે. વિદ્વતાનો એક પ્રકાર છે. મારા જેવું આવું અઘરું હરકોઈ નથી લખી શકતું. આ તમારા બે-ચાર વિવેચકો પણ કેટલું અઘરું લખે છે. મારું લખાણ તો તેઓ પણ નહી સમજી શકતા હોય. "પછી મને ધીમેથી ગંભીર થઈ કહે" સાચું કહું, મેં લખ્યા પછી મારું લખાણ હું પણ નથી સમજી શકતો "એમ કહી જોરથી" હેં હેં હેં... કરી હસ્યા કે એમના મોં માંથી દાંતનું નવું બનાવેલું ચોકઠું નીચે પડી ગયું. અને લેખમાં અઘરા શબ્દો ફીટ કરે એમ એ ચોકઠું નીચેથી ઉપાડી ફરીથી મોંમાં ફીટ કર્યું.

આ મિત્રને લેખક બનવાનું બાળપણથી સ્વપ્ન. પણ બની ગયેલા કોઈ કંપનીમાં મેનેજર અને તેથી એ તેમનું સ્વપ્ન અધુરું રહેલું. હવે કંપનીવાળાએ એમને એમના મુખપત્ર "જનરલ"માં લખવાનું કામ સોંપ્યું, મિત્રએ બે ચાર પાના તો ફટાફટ લખી નાખ્યા પણ શીર્ષક લખવામાં બે દિવસ બગાડ્યા. અને એવું શીર્ષક શોધ્યું કે એનો અર્થ "ભગવદગોમંડળ: માં ય ના મળ્યો. અમે અર્થ પૂછ્યો તો કહે " હું નવા શબ્દનો સર્જક છું, વાહક છું અર્થ શોધવો તમારું કામ છે...હેં હેં હેં હેં"

આમ જોઈએ તો અઘરું સાહિત્ય લખવાના ઘણા ફાયદા છે. સૌથી પહેલો ફાયદો એ કે એ લખ્યા પછી આપણા સહિત કોઈ એને સમજી ના શકે. તેથી વિવેચકોનો ડર રહેતો નથી. સમજે તો વિવેચન કરે ને ? બીજો ફાયદો એ કે મોટા પુરસ્કારોની સ્પર્ધાઓમાં નિર્ણાયકોને એમ લાગે કે આ કોઈ મહાનકૃતિ છે. આમાં વૈશ્વિક સંવેદના વ્યક્ત થઈ છે, નવા નવા મીથ અને આકૃતિમૂલક કલ્પનોનો ઉજાસ-આવિર્ભાવ થયેલો જોઈ શકાય છે. એમ કહીને આવી રચનાને પારિતોષિકો પણ જલદી મળી જાય છે.

આજકાલ અઘરું અને જોક્સ જેવું લખાવાની ફેશન ચાલે છે. અઘરું સર્જન-વિવેચનમાં લખાય છે અને જોક્સ જેવું કવિતામાં અને ખાસ કરીને ગઝલમાં. આજે દરેક સોમાંથી ૯૮ કવિઓ ગઝલ લખે છે. આમ જોઈએ તો ગઝલ એ મત્સ્યકન્યા જેવી છે. નવા કે જુના કોઈપણ કવિને પોતાની તરફ જલદી આકર્ષી લે છે. કવિઓ આમે ય કોઈ કન્યા તરફ બહું જલદી આકર્ષાઈ જતા હોય છે. આજે મોટાભાગના મુશાયરામાં રજુ થતી ગઝલોને મળતી "વાહ વાહ" એ ગઝલની સંવેદનશીલતાને નહી પણ એમાં રહેલ "સેટાયર"ને, મળતી હોય છે. અને તેથી જ મધુરાય જેવા સર્જકને પણ ગઝલની એલર્જી છે. જો કે એમની એલર્જીથી ગઝલની લોકપ્રિયતા ઓછી નથી થવાની. પણ સવાલ ગઝલના આંતરિક મૂલ્યનો છે. ઘણી વખત તો ગઝલ હસાવે છે કે ચોટ કરે છે. એ જ નથી કળાતું.

અનુસંધાન પાના નં. ૭ પર